Ref.(IT) No.88/2021

**ઔદ્યોગિક ન્યાયપંચ નં.૨ ના પ્રિસાઈડીંગ અધિકારીશ્રી સમક્ષ, વડોદરા.**

રેફરન્સ (આઈ.ટી.) નં.૮૮/૨૦૨૧
આંક–૦૭

પ્રથમ પક્ષકાર :– મેનેજરશ્રી,
શ્રેનો લીમીટેડ (ગ્લાસ ડીવીજન),
મુ.પો. ગોરવા, તા. જી. વડોદરા.

::– વિ રૂ ઘ્ધ –::

બીજા પક્ષકાર :– જોઈન્ટ સેક્રેટરીશ્રી,
અખિલ ગુજરાત જનરલ મઝદૂર સંઘ,
૨જો માળ, આરબ ચેમ્બર્સ,
પથ્થરકુવા પેટ્રોલ પંપ પાસે, રીલીફ રોડ,
અમદાવાદ – ૩૮૦૦૦૧.

પ્રથમ પક્ષકાર તરફે :– ગેરહાજર

બીજા પક્ષકાર તરફે :– સેક્રેટરીશ્રી અખિલ ગુજરાત મઝદૂર સંઘ

::– એ વો ર્ડ –::

(૧) આ રેફરન્સ નાયબ શ્રમ આયુકતની કચેરી વડોદરા ધ્વારા તા.૨૫–૦૨–૨૦૨૧ ના હુકમ ક્રમાંકઃ કે.એચ.આર./એસ.એચ.એમ.સી/૪૩૨/૨૦૨૧ આઈડીઆર/એજે/નાશ્રઆ/૯૨/૨૦૨૧ થી ઔદ્યોગિક વિવાદ અધિનિયમ–૧૯૪૭ ની કલમ–૧૦(૧) અન્વયે હુકમની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતની ઔદ્યોગિક તકરાર અત્રેના ઔદ્યોગિક ન્યાયપંચને ન્યાય નિર્ણય માટે સુપ્રત કરેલ છે.

::– અ નુ સૂ ચિ –::

માંગણી નં.૧– ગ્રેજયુઈટી ૪૫ દિવસ લેખે ચુકવવા અંગે :– સંસ્થામાં કામ કરતા કામદારશ્રી, ઈસ્માઈલભાઈ ગુલામહુસેનને વર્ષ પાછળ ૧૫ દિવસની ગ્રેજયુઈટી મળે છે. તેને બદલે કંપનીમાં કામ કરતા ઉપરોકત કામદાર જયારે પણ નોકરીમાંથી નિવૃત થાય કે કંપની છુટા કરે કે છટણી કરે અથવા

Ref.(IT) No.88/2021

કંપની કલોઝર કરવામાં આવે તે સંજોગોમાં ગ્રેજયુઈટી પેટે દર વર્ષની નોકરી દીઠ માસિક ગ્રોસ પગારના ૪૫ દિવસ લેખે ગણતરી કરી ગ્રેજયુઈટી ચુકવવી જોઈએ કે કેમ ?

માંગણી નં.૨– અમલ અંગે :– ઉપરોકત માંગણીઓનો અમલ તાત્કાલિક કરવો જોઈએ કે કેમ ?

(૨) આ કામે બીજા પક્ષકારો તરફે આંક–૦૬ ની પુરસીસથી આ કામ આગળ ચલાવવા માંગતા ન હોય પરત ખેંચવા પરવાનગી આપી પરત ખેંચતા હોવાનું જણાવેલ છે. જેથી રેફરન્સ પરત ખેંચવાની પરવાનગી આપી, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

::– હુ ક મ –::

(૧) આંક–૦૬ ની પુરસીસ અન્વયે હાલનો રેફરન્સ (આઈ. ટી.) નં.૮૮/૨૦૨૧ પરત ખેંચવાની પરવાનગી આપી, આજરોજ ''નેશનલ લોક અદાલત''માં તે મુજબ ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તા.: ૧૩/૦૮/૨૦૨૨
વડોદરા

( જે. એસ. પટેલ )
પ્રિસાઈડીંગ ઓફિસર,
ઔદ્યોગિક ન્યાયપંચ નં.૨, વડોદરા.
જજ કોડ : જીજે ૦૦૫૬૧

(એસ. આર. ખાચર–સ્ટેનો)